પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.
પોલીસ ભવન, અઠવાલાઇન્સ, સુરત શહેર-૩૯૫૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૧ ૨૨૪૧૧૧૦
કંટ્રોલ રૂમ ફેકસ નં. ૦૨૬૧ ૨૨૪૧૩૦૪
e-mail : special.cp.sur@gmail.com

# -: જાહેરનામુ :-

**-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) (યુ) અન્વયે કાઢેલ હુકમ :-**

**ક્રમાંક:એસ.બી./ ફટાકડા ફોડવા અંગે / ૧૯૪ /૨૦૨૪.**

સયુંક્ત સચિવ (કા.વ્ય.) ગૃહવિભાગ ના પત્રક્રમાંક:- વિ.૨/ઇએસએ/૧૩ ૨૦૧૫/જીઓઆઇ-૧૧૨(પા.ફા.-૧) ગ્રુહવિભાગ, સચિવાલય, ગાંધીનગર તા.૨૪/૧૦/૨૦૨૪ અન્વયે

નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષની રીટ પીટીશન સીવીલ નં.૭૨૮/૨૦૧૫માં તા.૨૩/૧૦/૨૦૧૮ (એનેક્ષર-૧) તા.૩૦/૧૦/૨૦૧૮ અને તા.૩૧/૧૦/૨૦૧૮ ના રોજ થયેલ આદેશમાં ફટાકડા સંદર્ભમાં આપવામાં આવેલ સુચનાઓ તથા નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા રીટ પીટીશન નંબર ૭૨૮/૨૦૧૫માં તા.૨૯/૧૧/૨૦૨૧ના હુકમ (એનેક્ષર-૫) દ્વારા પ્રતિબંધિત ફટાકડાના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ સંદર્ભ આપવામાં આવેલ સુચનાઓની અમલવારી કરવા હુકમ કરવામાં આવેલ. દિવાળીના તહેવાર તથા અન્ય તહેવારો નિમિતે ફટાકડાના ઉત્પાદન, વેચાણ તથા ફટાકડા ફોડવા બાબતે આપેલા દિશાનિર્દશો ઉપરાંત દિવાળીના તહેવારો દરમ્યાન ફોડવામાં આવતા ફટાકડાના કારણે આગ, અકસ્માતના બનાવો ના બને અને જાહેર જનતાની સલામતી માટે અને જાહેર જનતાને અગવડ ન પડે તે માટે સુરત શહેર વિસ્તારમાં ખરીદ, વેચાણ અને ફટાકડા ફોડવા અંગે તેમજ તા.૦૯/૧૧/૨૦૨૦ ના રોજ ગ્રીન ટ્રીબ્યુનલ દ્વારા ફટાકડાના વેચાણ/ફોડવા બાબતે પ્રદૂષણનુ પ્રમાણ વધે નહીં તે બાબતે દિશાનિર્દશો આપવામાં આવેલ છે. જે ધ્યાને લેતા સુરત શહેરમાં દિવાળીના તહેવારો દરમ્યાન GREEN FIRE CRACKERS નો જ ઉપયોગ કરવામાં આવે તે રીતે નિયંત્રણ મુકવુ જરૂરી જણાય છે.

## :: હુ ક મ ::

વાસ્તે, હું વાબાંગ જામીર (આઇ.પી.એસ) I/C પોલીસ કમિશ્નર, સુરત શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) (યુ) અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે,

## :: પ્રતિબંધિત કૃત્યો ::

1. નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા ગ્રીન તથા માન્યતા પ્રાપ્ત ફટાકડા કે જે ઓછા એમિશન ઉત્પન્ન કરે છે તેના ઉત્પાદન અને વેચાણની પરવાનગી આપવામાં આવેલ છે. આ સિવાયના તમામ પ્રકારના ફટાકડાના ઉત્પાદન અને વેચાણ પર નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલ છે.
2. ભારે ઘોંઘાટવાળા ફટાકડા સ્વાસ્થ્ય માટે ખુબ જ હાનિકારક હોવાથી તથા વધુ પ્રમાણમાં હવાનુ પ્રદૂષણ અને ઘન કચરો પેદા કરતા બાંધેલા ફટાકડા (joint firecrackers, series crackers or laris) પર સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલ છે.
3. ફટાકડાનું વેચાણ માત્ર લાયસન્સધારક વેપારીઓ દ્વારા જ કરવાનુ રહેશે. આ વેપારીઓએ નામદાર સુપ્રિમ કોર્ટના તા.૨૩/૧૦/૨૦૧૮ ના આદેશ મુજબ માન્ય રાખવામાં આવેલ ફટાકડાઓનું જ વેચાણ કરવાનુ રહેશે.
4. ઉપરાંત તમામ ઇ-કોમર્સ વેબસાઇટને ઓનલાઇન તમામ પ્રકારના ફટાકડાના વેચાણ પર પ્રતિબંધ મુકેલ છે.

5. ફટાકડા બનાવવા માટે બેરીયમના ઉપયોગ પર સુપ્રિમ કોર્ટે પ્રતિબંધ મુકેલ છે.
6. દિવાળી તથા અન્ય તહેવારો કે જેમાં ફટાકડા ફોડવામાં આવે છે, તેમા ફટાકડા રાત્રીના ક. ૦૮/૦૦ થી રાત્રીના ક. ૧૦/૦૦ સુધી જ ફોડી શકાશે. નુતન વર્ષના તહેવાર દરમિયાન ફટાકડા રાત્રે ક.૨૩/૫૫ થી ક. ૦૦/૩૦ સુધી જ ફટાકડા ફોડી શકાશે.
7. હાનીકારક ધ્વનિ પ્રદૂષણ રોકવા માટે માત્ર PESO સંસ્થા દ્વારા અધિકૃત બનાવટ વાળા અને અન્ય ધ્વનિ સ્તર (decibal level) વાળા ફટાકડા વેચી/ વાપરી શકાશે. PESO દ્વારા એવા અધિકુત/ માન્ય ફટકડાના દરેક બોક્ષ ઉપર "PESO ની સુચના પ્રમાણેનુ" માર્કિંગ હોવુ જરૂરી છે.
8. હોસ્પીટલ, નર્સિંગ હોમ, આરોગ્ય કેંન્દ્રો, શૈક્ષણિક સંસ્થાઓ, ન્યાયાલયો, ધાર્મિક સ્થળોની ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારને સાયલેન્ટ ઝોન તરીકે ગણવામાં આવેલ હોય જેથી ત્યા કોઇ પણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહીં.
9. કોઇ પણ પ્રકારના વિદેશી ફટાકડા આયાત/રાખી/વેચાણ કરી શકાશે નહીં.
10. લોકોને અગવડ ઉભી ન થાય, કોઇ પણ ભયજનક પરિસ્થિતીનુ નિર્માણ ન થાય તે માટે સુરત શહેરના બજારો, શેરીઓ, જાહેર રસ્તાઓ, પેટ્રોલ/ સી.એન.જી પંપ/એલ.પી.જી. બોટલિંગ પ્લાન્ટ, એલ.પી.જી ગેસના સ્ટોરેજ અન્ય સળગી ઉઠે તેવા પદાર્થોને સંગ્રહ કરેલા ગોદામો તથા હવાઇ મથકની નજીક કોઇ પણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહીં.
11. કોઇ પણ પ્રકારના સ્કાય લેન્ટન (ચાઇનિઝ તુક્કલ, આતશબાજ બલૂન) નુ ઉત્પાદન તથા વેચાણ કરી શકાશે નહીં. તેમજ કોઇ પણ સ્થળે ઉડાવી શકાશે નહીં.
12. નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા ફટાકડા ફોડવા સંબંધમાં આપેલ માર્ગદર્શક સુચનાઓનો ભંગ થતો હોવાની વિગતો ધ્યાને આવેલ હોવાનુ દર્શાવી સખત નારાજગી વ્યક્ત કરવામાં આવેલ છે. ગ્રીન ક્રેકર્સના નામે પ્રતિબંધિત ફટાકડાનુ ઉત્પાદન, વેચાંણ અને ઉપયોગ થાય છે. અને ઘણા કિસ્સાઓમાં ફટાકડાના બોક્ષ કવર પરનો ક્યુ.આર.કોડ નકલી હોવાનુ જણાવેલ છે. જાહેર સ્વાસ્થ્ય કે પર્યાવરણના ભોગે કોઇ પણ ઉજવણી ન થઇ શકે તે બાબત પર ભાર આપી નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા રીટ પીટીશન (સીવીલ) નં.૭૨૮/૨૦૧૫ માં તા.૨૯/૧૨/૨૦૨૧ના હુકમ (એનેક્ષર-૫) દ્વારા પ્રતિબંધિત ફટાકડાના ઉત્પાદન, વેચાંણ અને ઉપયોગ પર સંદર્ભ આપવામાં આવેલ સુચનાઓની સંપુર્ણપણે તથા સાચા અર્થમાં અમલવારી કરવા હુકમ કરવામાં આવેલ છે. આ હુકમનુ પાલન થાય તે સુનિશ્ચિત કરી ગૃહવિભાગના તા.૧૭/૧૨/૨૦૨૧ના પત્રથી (એનેક્ષર-૬)માં સુચવ્યા મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

:: **અમલવારીનો સમય તથા વિસ્તાર** ::

સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં **તા.૨૬/૧૦/૨૦૨૪ ના કલાક.-૦૦/૦૦ થી તા. ૧૬/૧૧/૨૦૨૪ ના કલાક.-૨૪/૦૦** આ હુકમનો અમલ કરવાનો રહેશે.

:: **શિક્ષા** ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

:: **જાહેર વિજ્ઞપ્તિ** ::

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું.કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર

મારફતે પ્રસિધ્ધી ધ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીશ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૨૫ /૧૦/૨૦૨૪ નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

(વાંબાગ જમીર)
I/C પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

પ્રતિ,

(૧) ખાસ પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ સુરત શહેર

(૨) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફિક તથા ક્રાઇમ, સેક્ટર-૨ સુરત શહેર

(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ,સુરત શહેર.

(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીતમામ, સુરત શહેર.

(૫) તમામ પો.સ્ટે./શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર

(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૬) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી).

<u>સવિનય નકલ રવાના</u> :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુ.રા., ગાંધીનગર.

(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.

(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.

(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત રેન્જ, સુરત.

(૬) કલેકટરશ્રી, સુરત શહેર.

(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર

(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત

(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.

(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.

(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.

(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).

(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.

(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.

(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .

(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.

(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.( નાનપુરા બહુમાળી સુરત )

(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. ( જીલ્લા સેવા સદન અઠવાલાઇન્સ સુરત )

(૧૯) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત ( સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.)